| GJDH090001532016 | RECEIVED ON | 22-07-2016 |
|---|---|---|
| | REGISTERED ON | 22-07-2016 |
| | DECIDED ON | 20-01-2022 |
| | DURATION | DYS. MTHS. YRS |
| | | 29 05 05 |

**દાહોદ જિલ્લાની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નીમાયેલા કમિશનર શ્રી ડી.જે.ચૌહાણ સમક્ષ, દાહોદ**

**વ.કો.(ફેટલ) અરજી નં.૧૬/૨૦૧૬**
**આંક–**

| **અરજદારો:–** | **ઉ.વ.** | **ધંધો** | **રહેવાસી** |
|---|---|---|---|
| **(૧)** સવિતાબેન WD/O અમરસિંહ વિરાભાઈ પટેલ | ૪૬ | ઘરકામ | અસાયડી, ધાટી ફળીયું, તા.દેવ.બારીયા, જી.દાહોદ |
| **(૨)** મુકેશભાઈ અમરસિંહ પટેલ | ૨૩ | ખેતી | " " " |
| **(૩)** પ્રવિણભાઈ અમરસિંહ પટેલ | ૨૦ | " | " " " |
| **(૪)** સુમિત્રાબેન અમરસિંહ પટેલ | ૨૫ | ઘરકામ | " " " |

**વિરૂધ્ધ**

| **સામાવાળા:–** | | | |
|---|---|---|---|
| **(૧)** હિરેનભાઈ વિઠુલભાઈ સરવૈયા | પુખ્ત | – | રહે.બી–૧૫૩, સંત જલારામ સોસાયટી, વેડ રોડ, સુરત. |
| **(૨)** મુકેશભાઈ મંગળાભાઈ પટેલ | " | – | ૧૭૩, લક્ષ્મી પાર્ક સોસાયટી, કઠોદરા નહેર, સુરત. |

**હાજર રહયા :–** અરજદારો તરફે વિ.વ.શ્રી એસ.એસ.કોળી
સામાવાળા નં.૧ તરફે વિ.વ.શ્રી જે.આર.રાવલ
સામાવાળા નં.૨ તરફે ગેરહાજર

**–:: હુકમ ::–**

**(૧)** સદર અરજી આ કામના અરજદારોએ કામદાર વળતર ધારો–૧૯૨૩ કે જે હવે કર્મચારી વળતર ધારા તરીકે ઓળખાય છે (કે જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે.) ની જોગવાઈઓ હેઠળ દાખલ કરી તેઓ અરજદાર નં.૧ ના પતિ અને અરજદાર નં. ૨ થી ૪ ના પિતા અમરસિંહ વિરાભાઈ પટેલનું સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત મૃત્યુ થયેલ છે તેમ જણાવી તેના વળતરની રકમ રૂા.૭,૩૪,૮૩૨/– વ્યાજ, ખર્ચ અને પેનલ્ટી સહિત સામાવાળા પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલ છે.

(૨) અરજદારોની અરજીની વિગત ટુંકમાં એવી છે કે, તેઓ નં.૧ ના પિતા અને નં.૨ થી ૬ ના પિતા અમરસિંહ વીરાભાઈ પટેલ છેલ્લા વીસ વર્ષથી સેન્ટીંગકામ (સળીયા ફીટીંગ) નું કામ કરતા હતા. સામાવાળા નં.૨ ની સાઈટ પર બિલ્ડીંગ બનાવવાનું કામ ચાલતું હોઈ સેન્ટીંગના કારીગર તથા બીમ, કોલમ ભરવા માટે કુશળ કારીગરની જરૂરીયાત હોઈ દેવગઢ બારીયા તાલુકાના ભથવાડા ગામના પારસીંગભાઈ શકરાભાઈ ગુજરનાર તથા આજુબાજુના ગામના અન્ય વ્યકિતઓને સુરત મુકામે સામાવાળા નં.૨ ની સાઈટ ઉપર સામાવાળા નં.૧ ના હાથ નીચે સેન્ટીંગનું કામ કરવા લઈ ગયા હતા. ગુજરનાર આઠ એક દિવસથી સામાવાળા નં.૨ ની સાઈટ ઉપર સામાવાળા નં.૧ ની સુચના અને દેખરેખ હેઠળ સેન્ટીંગના કારીગર તરીકે રોજના રૂ.૫૦૦/– લેખે માસીક રૂ.૧૫,૦૦૦/– ના પગારથી કામ કરતા હતા અને તે રીતે ગુજરનાર અને સામાવાળા વચ્ચે કામદાર–માલિકના સંબંધો હતા. બનાવના દિવસે તા.૦૭/૦૭/૧૫ ના રોજ સામાવાળાઓની સુચના મુજબ ગુજરનાર સેન્ટીંગનું કામ કરતા હતા તે વખતે તેઓને છાતીમાં દુઃખાવો થતાં તે અંગેની જાણ સામાવાળા નં.૨ ને કરેલ, પરંતુ તેઓએ ધ્યાન આપેલ નહી અને જણાવેલ કે, આજના દિવસે તમારૂ કામ પૂર્ણ કરવાનું છે અને કહેલ કે, સામાવાળા નં.૨ મુકેશભાઈ કામ માટે બુમો પાડે છે જેથી તમે દવા લઈને પણ કામ ચાલુ રાખો તેવું જણાવેલ અને ગુજરનારને સેન્ટીંગનું કામ કરવા ફરજ પાડેલ અને કામ ચાલુ રખાવેલ તે દરમ્યાન ચાલુ કામે ગુજરનારની અચાનક તબીયત વધારે ખરાબ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી પલસાણા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા અને ચાલુ સારવાર દરમ્યાન મરણ ગયેલ હતા. આ અંગે પોલીસને જાણ કરતા અકસ્માત મોત નં.૪૦/૧૫ થી કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં બનાવની નોંધ થયેલ છે અને તે અંગેનું પંચનામુ પણ કરવામાં આવેલ છે તેમજ ગુજરનારની લાશનું પી.એમ. પણ કરવામાં આવેલ છે. આમ, ગુજરનાર સામાવાળાના કાયમી કામદાર હતા અને તેમની ફરજના સમય દરમ્યાન તેઓને છાતીમાં દુઃખાવો થતા તેની જાણ સામાવાળા નં.૧ ને કરવા છતાં કામ ચાલુ રખાવતા તબીયત વધુ બગડતા સારવાર માટે દાખલ કરતા ચાલુ સારવારે મરણ પામેલ હોઈ સામાવાળાઓ વ.કો.એકટની જોગવાઈઓ મુજબ વળતર ચુકવવા જવાબદાર બને છે. અકસ્માત સમયે ગુજરનાર અમરસિંહને સામાવાળા માસીક પગાર રૂ.૧૫,૦૦૦/– આપતા હતા. અરજદારો ગુજરનાર અમરસિંહના આશ્રિત છે અને ગુજરનાર તેઓનું ભરણપોષણ કરતા હતા. મરણ વખતે ગુજરનારની ઉંમર ૫૦ વર્ષની હતી અને ગુજરનારનો માસીક પગાર રૂ.૧૫,૦૦૦/– હતો. પરંતુ કાયદામાં જણાવેલ મહતમ વેતન રૂ.૮૦૦૦/– ની ૫૦% રકમ રૂ.૪૮૦૦/– ને શીડયુલ–૪ માં દર્શાવેલ ઉંમરના રીલેવન્ટ ફેકટર ૧૫૩.૦૯ સાથે ગુણતા રૂ.૭,૩૪,૮૩૨/– થાય છે જે તેઓ મેળવવા હકકદાર છે. કાયદાની જોગવાઈ મુજબ વળતરની રકમ અકસ્માતના એક માસની અંદર દાહોદના વ.કો.કમિશ્નરશ્રી સમક્ષ જમા કરાવવી પડે. પરંતુ વળતરની રકમ જમા કરાવવામાં સામાવાળા નિષ્ફળ ગયેલ હોઈ કલમ–૪ ની જોગવાઈ મુજબ ૫૦/– લેખે પેનલ્ટીની રકમ ચુકવવા સામાવાળા જવાબદાર થાય છે. તા.૦૭/૦૭/૧૫ થી અકસ્માતનો બનાવ બન્યો ત્યારથી આજદિન સુધી વળતર પેટે સામાવાળાઓએ કોઈ રકમ ચુકવી આપેલ નથી કે કોર્ટમાં જમા કરાવેલ ન હોઈ તેઓએ સામાવાળાઓને રજી.પો.એડી.થી નોટીસ આપેલ જે નોટીસ સામાવાળાઓને બજી ગયેલ હોવા છતાં કોઈ રકમ ચુકવી આપેલ નથી. જેથી સામાવાળાઓ વળતરની રકમ રૂ.૭,૩૪,૮૩૨/– અકસ્માત તારીખથી ૧૫% વ્યાજ અને ૫૦% પેનલ્ટી સહિત ચુકવી આપે તેવો હુકમ કરવો જોઈએ.

**(૩)** સામાવાળા નં.૧ એ આંક–૦૭ થી લેખિત જવાબ રજુ કરી અરજદારોની અરજીની વિગતોની સત્યતાને નકારી જણાવેલ છે કે, ગુજરનાર અમસિંહ વીરાભાઈ બારીઆ તેમના કામદાર હતા નહી અને તેઓની સીધી દેખરેખથી કોઈ કામ કરતા ન હતા. ગુજરનાર બનાવના દિવસે તેમના બાંધકામના સ્થળે ન હતા. પરંતુ, ગુજરનાર જે જગ્યાએ રહેતા હતા તે જગ્યાએ વહેલી સવારે ગુજરનારને છાતીમાં દુઃખાવો થયેલ હતો અને તે વખતે તે તેમના રહેણાંકના ઝુપડામાં જ હતા અને તેમની સાથે તેમના સગા સંબંધી પણ હતા. ગુજરનારને વધારે દુઃખાવો થતાં તેને પલસાણા સરકારી દવાખાને એમ્બ્યુલન્સમાં લઈ ગયેલા તેવું તેમને જાણવા મળેલ છે. ખરી હકીકત તેઓ દારૂ, બીડી પીવાની ટેવવાળા હતા અને ગુજરનારના સગાઓના કહેવા પ્રમાણે તેઓ બીમારીથી પીડાતા હતા અને તે બીમારીના કારણે હદયનો હુમલો થવાના કારણે કુદરતી મરણ પામેલા છે. સવારના સાત વાગ્યાના અરસામાં બનાવ બનેલ છે તે વખતે તેઓનું કોઈ કામ ચાલુ ન હતુ. બનાવ સવારના સાત વાગ્યે બનેલો છે તે સમયે આટલું વહેલું કોઈ કામ ઉપર લાગી જાય તે શકય નથી. ઈન્કવેસ્ટ પંચનામામાં તથા પી.એમ. રીપોર્ટમાં જણાવ્યા મુજબ ગુજરનારે શરીર ઉપર અંદરના ભાગે અંડરવેયર અને ઉપર પીળા કલરનો ટુવાલ વીટાળેલ હતો. જેના ઉપરથી સાબીત થાય છે કે કામ ઉપર હોય તો તે ગુજરનાર ઈસમ પેન્ટ જેવી મજબુત વસ્ત્ર ધારણ કરેલ હોય શકે. પરંતુ તેમના પહેરવેશ ઉપરથી સાબીત થાય છે કે રાત્રે સુવાના કપડા સાથે દવાખાને લઈ ગયેલ હતા તે જ કપડા તેની ડેડ બોડી પર હતા. જેથી તેઓનું કામ કરતા હોવાની વાત તદ્દન વાહીયાત છે. સામાવાળા નં.ર મકાન માલિક છે અને તેઓ કોન્ટ્રાકટર હતા અને લેબર કોન્ટ્રાકટર તરીકે પારસીંગભાઈ શકરાભાઈ રહે. ભથવાડાનાએ ભાવથી કામ લીધેલ હતુ. એટલે લેબર રાખી કામ કરાવવાની જવાબદારી પારસીંગભાઈની હતી અને તે કયા મજુરો સાથે કામ કરાવે છે, મજુરોને શું રોજ આપે છે તેની તેમને ખબર નથી. પારસીંગભાઈએ ગુજરનારને કામ ઉપર બોલાવેલ કે નહી? તેની પણ તેમને ખબર નથી. તેઓને કામ બાબતે કહેવું હોય તો તેમના પેટા કોન્ટ્રાકટર પારસીંગભાઈ શકરાભાઈને કહી શકે. ડાયરેકટ મજુર કે કારીગર સાથે તેઓને વાતચીતનો કોઈ સીધો સંબંધ નથી. તેવા સંજોગોમાં ગુજરનાર તેમના કામદાર ન હતા કે તેઓ ગુજરનારને કોઈ મહેનતાણું આપતા ન હતા. માલિક તરીકે તેઓની કોઈ જવાબદારી ઠરતી નથી. એટલે કે માલિક–કામદારના સંબંધો પ્રસ્થાપિત થતા ન હોઈ અને અરજદારે કરેલ અરજી કામદારની વ્યાખ્યામાં આવીતી ન હોઈ રદ કરવી જોઈએ. ગુજરનારને તેમણે કામે રાખેલા નથી કે બનાવ વખતે તેમના કામમાં કામ કરતા ન હતા. ગુજરનાર ઝુપડામાં પથારીમાં બીમારીના કારણે હદયના હુમલામાં મરણ પામેલ છે. ચાલુ કામે અકસ્માત ગુજરી ગયેલ હોય તેવું બનેલ નથી તેમજ ગુજરનારના શરીર ઉપર કોઈ વાગવાથી કે પડવાથી ઈજાઓ થયેલ હોય તેવું પી.એમ. રીપોર્ટ અને પંચનામામાં જણાતું નથી. જેથી વળતર ચુકવવાની તેમની જવાબદારી ઠરતી ન હોઈ અરજી રદ કરવી જોઈએ.

**(૪)** આ કામે સામાવાળા નં.ર ને આંક–ર૦ ની નોટીસ બજવા છતાં તેઓ તરફે જવાબ રજુ ન કરતા આંક–રર હેઠળ હુકમ કરી તેમનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૫)** સામાવાળા નં.૧ નાએ તેમના જવાબમાં પેટા કોન્ટ્રાકટર પારસીંગભાઈ શકરાભાઈ રહે. ભથવાડા, તા.અસાડીને નં.૩ જોડીને તેને નોટીસ કાઢવા વિનંતી કરેલ. રેકર્ડ જોતાં પારસીંગભાઈને પક્ષકાર તરીકે જોડવાની કોઈ અરજી પક્ષકારો ધ્વારા રજુ થયેલી ન હોવા છતાં તેમજ કોર્ટ ધ્વારા કોઈ નોટીસ આ

બાબતે પારસીંગભાઈને કાઢેલ ન હોવા છતાં આંક–૧૦ થી વકીલાતનામુ અને આંક–૧૧ થી લેખિત જવાબ રજુ કરેલ જે તે રેકર્ડ પરથી દુર કરવામાં આવેલ છે. તે પછી, કેસ હુકમ પર ગયો ત્યાં સુધી બંને પક્ષકારોમાંથી કોઈએ પારસીંગભાઈને પક્ષકાર તરીકે જોડવા પ્રયત્ન કરેલ નથી.

**(૬)** આ કામે અરજદારો તરફે આંક–૦૩ ના લીસ્ટથી નિ.૩/૧ થી નિ.૩/૧૩ ના અને આંક–૨૬ ના લીસ્ટથી નિ.૨૬/૧ થી નિ.૨૬/૧૪ ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે. જે પૈકી નિ.૩/૧ થી નિ.૩/૧૩ ના દસ્તાવેજોની ખરી નકલ નિ.૨૬/૧ થી ૨૬/૫ અને નિ.૨૬/૭ થી નિ.૨૬/૧૪ સુધી પુનઃ રજુ કરેલ છે.

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | તારીખ | અસલ/નકલ | આંક |
|---|---|---|---|---|
| ૧ | સુચિપત્ર | તા.૦૭/૦૭/૧૫ | ખરી નકલ | નિ.૩/૧ |
| ૨ | અપરાધ વિગત પત્રક | તા.૦૭/૦૭/૧૫ | ખરી નકલ | નિ.૩/૨ |
| ૩ | પી.એમ. માટે મોકલાતી લાશની સાથે મેડીકલ ઓફિસરને મોકલવાનો પોલીસ રીપોર્ટ | તા.૦૭/૦૭/૧૫ | ખરી નકલ | નિ.૩/૩ |
| ૪ | મરણોતર પંચનામુ | તા.૦૭/૦૭/૧૫ | ખરી નકલ | નિ.૩/૪ |
| ૫ | ગુજરનારનો પી.એમ. રીપોર્ટ | તા.૦૭/૦૭/૧૫ | ખરી નકલ | નિ.૩/૫ |
| ૬ | કોઝ ઓફ ડેથ સર્ટીફિકેટ | તા.૦૭/૦૭/૧૫ | ખરી નકલ | નિ.૩/૬ |
| ૭ | ગુજરનારના મરણનો દાખલો | તા.૨૮/૦૭/૧૫ | ખરી નકલ | નિ.૩/૭ |
| ૮ | મુકેશભાઈ અમરસીંગ બારીઆના જવાબની નકલ | તા.૦૭/૦૭/૧૫ | ખરી નકલ | નિ.૩/૮ |
| ૯ | સામાવાળાને આપેલ આર.પી.એડી.નોટીસ | તા.૦૭/૧૨/૧૫ | ખરી નકલ | નિ.૩/૯ |
| ૧૦ | સામાવાળા નં.૧ ને આપેલ આર.પી.એડી.ની એકનોલેજમેન્ટ | તા.૦૭/૧૨/૧૫ | ખરી નકલ | નિ.૩/૧૦ |
| ૧૧ | સામાવાળા નં.૨ ને આપેલ આર.પી.એડી. નોટીસ | તા.૦૭/૧૨/૧૫ | ખરી નકલ | નિ.૩/૧૧ |
| ૧૨ | સામાવાળા નં.૨ ને આપેલ આર.પી.એડી.ની એકનોલેજમેન્ટ | તા.૦૭/૧૨/૧૫ | ખરી નકલ | નિ.૩/૧૨ |
| ૧૩ | સામાવાળા નં.૨ નાએ નોટીસનો આપેલ જવાબ | તા.૧૯/૦૧/૧૬ | ખરી નકલ | નિ.૩/૧૩ |
| ૧૪ | ગુજરનારનું લીવીંગ સર્ટીફિકેટ | – | ખરી નકલ | નિ.૨૬/૬ |

**(૭)** અરજદાર નં.૨ મુકેશભાઈ અમરસિંહ પટેલે આંક–૨૭ થી એફિડેવીટ પર જુબાની આપેલ છે. તેઓની ઉલટ માટે સામાવાળા હાજર ન રહેતા આંક–૨૮ હેઠળ હુકમ કરી તેમનો ઉલટનો હકક બંધ કરવામાં આવેલ છે.

આંક–૨૯ ની પુરસીસથી અરજદારોએ તેમના પુરાવા બંધ જાહેર કરેલા છે.

**(૮)** સામાવાળા નં.૧,૨ તરફે કોઈ પુરાવા રજુ ન થતાં આંક–૩૦ હેઠળ હુકમ કરી તેમનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૯)** અરજદારો તરફે તેમના વિ.વ.શ્રી એસ.એસ.કોળીએ મૌખિક દલીલો કરેલ છે. જયારે સામાવાળા નં.૧,૨ તરફે દલીલ માટે કોઈ હાજર ન રહેતા તેમની દલીલનો હકક સુઓમોટો બંધ કરવામાં આવેલ અને કામ હુકમ ઉપર રાખવામાં આવેલ.

**(૧૦)** દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધુ. મારા નિર્ણય અર્થે મારા પુરોગામીશ્રીએ આંક–૨૩ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરેલા છે.

**મુદ્દાઓઃ–**

(૧) શું અરજદારો સાબિત કરે છે કે તેઓ ગુજરનારના કાયદેસરના આશ્રિત છે?

(૨) શું અરજદારો સાબિત કરે છે કે ગુજરનાર અને સામાવાળાઓ વચ્ચે કામદાર માલિકના સંબંધો હતા?

(૩) શું અરજદારો સાબિત કરે છે કે ગુજરનારનું અકસ્માત મૃત્યુ થયેલ અને તે સામાવાળાઓની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે થયેલ અકસ્માત ઈજાઓના કારણે થયેલ?

(૪) શું ઉંમર તથા વેતન અકસ્માત ઈજા સમયે ગુજરનારના હતા?

(૫) શું અરજદારો સામાવાળાઓ પાસેથી વળતર, વ્યાજ અને ખર્ચની રકમ વસુલ મેળવવા હકકદાર બને છે? જો હા તો કેટલી?

(૬) શું સામાવાળા પેનલ્ટી ચુકવવા જવાબદાર બને છે ? જો હા કેટલી?

(૭) શું હુકમ ?

**(૧૧)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે

(૧) અરજદાર નં.૧ અને ૪ પૂરતો હકારમાં.

(૨) હકારમાં.

(૩) નકારમાં.

(૪) વળતરની ગણતરી માટે માસીક રૂા.૮૦૦૦/–, ઉંમર ૪૩ વર્ષ.

(૫) નકારમાં

(૬) નકારમાં.

(૭) આખરી હુકમ મુજબ.

**(૧૨)** મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**(એ)** આ કામે પ્રથમ મુદ્દો અરજદાર ગુજરનારના કાયદેસરના આશ્રિત છે કે કેમ? તે બાબતનો છે. આંક–૦૧ ની અરજી જોતાં, અરજદાર નં.૧ ગુજરનારના પત્ની અને અરજદાર નં.૨,૩ ગુજરનારના પુત્રો અને અરજદાર નં.૪ ગુજરનારની પુત્રી હોવાનું

અને તેઓનું ભરણપોષણ ગુજરનાર અમરસિંહ કરતા હતા તેમ જણાવી ગુજરનાર આશ્રિત તરીકે હાલની અરજી દાખલ કરેલ છે. અરજદારોએ તા.૧૯/૦૭/૧૬ ના રોજ વળતર અરજી દાખલ કરી તે સમયે અરજીના મથાળે અરજદાર નં.૨ થી ૪ ની ઉંમર અનુક્રમે ૨૩ વર્ષ, ૨૦ વર્ષ અને ૨૫ વર્ષની હોવાનું અને અરજદાર નં.૨,૩ નો ધંધો ખેતી તેમજ અરજદાર નં.૩ નો ધંધો ઘરકામ તેમ જણાવેલું છે. ગુજરનારના અકસ્માત મૃત્યુનો બનાવ તા.૦૭/૦૭/૨૦૧૫ ના રોજ બનેલ છે. ગુજરનારના અકસ્માતના બનાવ અંગે કડોદરા પોલીસ સ્ટેશનમાં તા.૦૭/૦૭/૧૫ ના રોજ આપેલ સુચિપત્ર (નિ.૩/૧) અને પોલીસે લીધેલ નિવેદન(નિ.૩/૮) માં અરજદાર નં.૨ એ પોતાની ઉંમર ૨૩ વર્ષની લખાવેલ છે તેને ધ્યાને લેતાં અરજદાર નં. ૨ થી ૩ અકસ્માત સમયે ૧૮ વર્ષની વય વટાવી ચુકેલા હોઈ અને તેઓ અશકત હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ ન હોઈ આશ્રિતની વ્યાખ્યામાં તેઓનો સમાવેશ થતો નથી. અરજદાર નં.૨ એ આંક–૨૭ ની એફિડેવીટ પર આપેલ જુબાનીથી અરજીની વિગતોને સમર્થન આપેલ છે. તેઓની ઉલટ સામાવાળાઓ તરફે કરવામાં આવેલ નથી. જેથી વિરૂધ્ધના પુરાવાના અભાવે અરજદાર નં.૧ ગુજરનારના વિધવા પત્ની થતા હોઈ અને અરજદાર નં.૪ ના બનાવ સમયે પરણીત હતા તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોઈ તેઓનો સમાવેશ કાયદાની કલમ–૨(૧)(ડી)માં દર્શાવેલ સીધા આશ્રિતની વ્યાખ્યામાં થઈ જતો હોઈ મુદ્દા નં.૧ નો જવાબ અરજદાર નં.૧ અને ૪ પૂરતો હકારમાં આપવામાં આવે છે. કાયદાની કલમ–૨(૧)(ડી) થી આપેલ આશ્રિતની વ્યાખ્યા નીચે મુજબ છે.

**Sec.2(1)(d)**

"dependant means" any of the following relatives of deceased employee, namely :-

**i** a widow, a minor legitimate or adopted son, an unmarried legitimate or adopted daughter or a widowed mother; and

**ii** if wholly dependant on the earnings of the employee at the time of his death, a son or a daughter who has attained the age of 18 years and who is infirm;

**iii** if wholly or in part dependant on the earnings of the employee at the time of his death,-

- **a** a widower
- **b** a parent other than a widowed mother,
- **c** a minor illegitimate son, an unmarried illegitimate daughter or a daughter legitimate or illegitimate or adopted if married and a minor or if widowed and a minor,
- **d** a minor brother or an unmarried sister or a widowed sister if a minor,
- **e** a widowed daughter-in-law,
- **f** a minor child of a pre-deceased son,
- **g** a minor child of a pre-deceased daughter where no parent of the child is alive, or
- **h** a paternal grandparent if no parent of the employee

is alive;

Explanation : For the purposes of Subclause (ii) and items (f) and (g) of subclause (iii), references to a son, daughter or child include an adopted son, daughter or child respectively.

**(બી)** આ કામે બીજો મુદ્દો ગુજરનાર અને સામાવાળા વચ્ચે કામદાર–માલિકના સંબંધો હતા કે કેમ ? તે બાબતનો છે. અરજદારોએ તેમની અરજીમાં ગુજરનાર આઠ એક દિવસથી સામાવાળા નં.ર ની સાઈટ ઉપર સામાવાળા નં.૧ ની સુચના અને દેખરેખ હેઠળ સેન્ટીંગના કારીગર તરીકે સેન્ટીંગનું કામ કરતા હતા અને તે રીતે ગુજરનાર અને સામાવાળાઓ વચ્ચે કામદાર–માલિકના સંબંધો હતા તેમ જણાવેલું છે. જયારે સામાવાળા નં.૧ નાએ ગુજરનાર તેમના કામદાર ન હતા કે તેઓની સીધી દેખરેખ હેઠળ કામ કરતા ન હતા. તેઓએ લેબર કોન્ટ્રાકટર તરીકે પારસીંગભાઈ શકરાભાઈને ભાવથી કામ આપેલ હતુ અને લેબર રાખી કામ કરાવવાની જવાબદારી પારસીંગભાઈની હતી તેમ જણાવેલું છે. આ કામે સામાવાળા નં.ર ને નોટીસ બજવા છતાં તેઓ તરફે કોઈ જવાબ રજુ થયેલ નથી.

આ કામે અરજદાર નં.ર એ આંક–ર૭ થી એફિડેવીટ પર આપેલ જુબાનીથી અરજીની વિગતોને સમર્થન આપેલ છે જેને સામાવાળા ધ્વારા ઉલટ કરી પડકારવામાં આવેલ નથી. જેથી અરજદારની સોગંદ પરની રજુઆત નહી માનવા માટે કોઈ કારણ રહેતું નથી. આ સિવાય અરજદારો તરફે તેઓની રજુઆતના સમર્થનમાં રજુ કરેલ નિ.૩/૩ ના અપરાધ વિગત પત્રકમાં બનાવવાળી જગ્યા સામાવાળા નં.ર મુકેશભાઈ મંગળદાસ પટેલના સર્વે નં.૧૭૮ વાળી જગ્યામાં નવા બંધાતા બિલ્ડીંગની સાઈડ હોવાનું દર્શાવેલ છે તેમજ સદર બનાવવાળી જગ્યા સામાવાળા નં.૧ હિરેનભાઈ વિઠ્ઠલભાઈ સરવૈયા ધ્વારા પોલીસને બતાવવામાં આવેલી છે જેમાં સ્પષ્ટ રીતે ગુજરનાર સદર સાઈટ ઉપર બનાવેલ ઝુંપડામાં રહેતા હતા અને છેલ્લા આઠ દિવસથી કામ કરતા હતા તેમ જણાવેલું છે તેમજ અરજદાર નં.ર એ પોલીસ સમક્ષ આપેલ નિવેદન (નિ.૩/૮)માં તેઓના પિતા તાતીથૈયા ગામે પારેખ ઈન્ડસ્ટ્રીઝમાં મુકેશભાઈ (સામાવાળા નં.૧) ના શેઢ ઉપર હિરેનભાઈ (સામાવાળા નં.ર)ના ત્યાં મજુરી કામ કરતા હતા તેમ જણાવેલું છે. સદર પોલીસ પેપર્સની વિગતોને કે અરજદારની જુબાનીને સામાવાળાએ આ કામે હાજર થઈ પડકારેલ નથી. જેથી ગુજરનાર સામાવાળા નં.૧,ર ના ત્યાં નવા બંધાતા બિલ્ડીંગની સાઈડ ઉપર મજુરી કામ કરતા હતા તેવું સામાવાળા નં.૧ એ પોલીસને જણાવેલ હકીકત ધ્યાને લેતાં સ્પષ્ટ સાબિત થાય છે.

સામાવાળા નં.૧ નાએ તેમના જવાબના પેરા–૧૯ માં સામાવાળા નં.ર મકાન માલિક અને તેઓ કોન્ટ્રાકટર હતા અને લેબર કોન્ટ્રાકટર તરીકે પારસીંગભાઈ શકરાભાઈ રહે. ભથવાડાનાએ ભાવથી કામ લીધેલ હતુ. એટલ કે લેબર રાખી કામ કરવાની જવાબદારી પારસીંગભાઈની હતી તેવો બચાવ લીધેલ છે. આ કામે સામાવાળા નં.૧ નાએ તેમના લેખિત જવાબમાં જણાવેલ વિગતોને લેખિત કે મૌખિક દસ્તાવેજી પુરાવો રજુ કરી પુરવાર કરેલ નથી. જેથી અરજદારનો મૌખિક પુરાવો અને પોલીસ તપાસના કાગળોમાં જણાવેલ વિગતો જોતાં સામાવાળાઓની નવા બંધાતા બિલ્ડીંગની સાઈડ ઉપર ગુજરનાર છેલ્લા આઠેક

દિવસથી સેન્ટીંગ કામની મજુરી કામ કરતા હતા અને સાઈટ ઉપર ઝુંપડુ બનાવી રહેતા હતા તેવું જણાવેલ છે તેના આધારે તેમજ સામાવાળા નં.૧ કોન્ટ્રાકટર અને સામાવાળા નં.૨ મકાન માલિક હતા તેવું સામાવાળા નં.૧ નાએ તેમના જવાબમાં સ્પષ્ટ કબુલ રાખેલ છે તેના આધારે સામાવાળા નં.૨ નાએ સામાવાળા નં.૧ ને આપેલ કોન્ટ્રાકટની કામગીરીમાં ગુજરનાર સામાવાળા નં.૧ ના કામદાર તરીકે કામ કરતા હતા તેવું સ્પષ્ટ ફલિત થાય છે. જેથી સામાવાળા નં.૨ ધ્વારા તેઓના ધંધા અને વેપારને લગતી કામગીરી સામાવાળા નં.૧ ને કોન્ટ્રાકટથી સોંપેલ હોવાથી કાયદાની કલમ–૧૨(૧) મુજબ સામાવાળા નં.૧ ધ્વારા રોકવામાં આવેલા કામદારોના સંદર્ભમાં સામાવાળા નં.૨ મુખ્ય માલિક બને છે અને સામાવાળા નં.૧ ગુજરનારના સંદર્ભમાં સીધા માલિક બનતા હોઈ ગુજરનાર અને સામાવાળાઓ વચ્ચે કામદાર માલિકના સંબંધો હોવાનું સ્પષ્ટ સાબીત થતુ હોઈ મુદ્દા નં.૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. કાયદાની કલમ–૧૨ નીચે મુજબ છે.

**<u>Sec.12</u> "Contracting"**

**(1)** Where any person (hereinafter in this section referred to as the principal) in the course of or for the purposes of his trade of business contract with any other person (hereinafter in this section referred to as the contractor) for the execution by or under the contractor of the whole or any part of any work which is ordinarily part of the trade of business of the principal, the principal shall be liable to any workman employed in the execution of the work any compensation which he would have been liable to pay if the workman had been immediately employed by him; and where compensation is claimed from the principal, this Act shall apply as if references to the principal were substituted for references to the employer except theat the amount of compensation shall be calculated with reference to the wages of the workman under the employer be whom he is immediately employed.

**(2)** Where the principal is liable to pay compensation under the section, he shall be entitled to be indemnified by the contractor,or any other person from whom the workman could have recovered compenstion and where a contractor who is himself a principal is liable to pay compensation or to indemnify a principal under this section he shall be entitled to be indemnified by any person standing to him in the relation of a contractor from whom the workman could have recovered compensation, and all questions as to the right to and the amount of any such indemnity shall, in default of agreement, be settled by the Commissioner.

**(3)** Nothing in this section shall be construed as preventing a workman from recovering compensation from the contractor instead of the principal.

**(4)** This section shall not apply in any case where the accident occurred elsewhere that on, in or about the premises on which the principal has undertaken or usually undertakes, as the case may be, to execute the work or which are otherwise under his control or management.

**(સી)** આ કામે ત્રીજો મુદ્દો ગુજરનારનું સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત મૃત્યુ થયેલ છે કે કેમ? તે બાબતે છે. અરજદારોની રજુઆત એવી છે કે, ગુજરનાર તા.૦૭/૦૭/૧૫ ના રોજ સેન્ટીંગનું મજુરી કામ કરતા હતા તે વખતે તેઓને છાતીમાં દુઃખાવો થતાં તે અંગેની જાણ સામાવાળા નં.ર ને કરેલ, પરંતુ તેઓએ ધ્યાન આપેલ નહી અને જણાવેલ કે, આજના દિવસે તમારૂ કામ પૂર્ણ કરવાનું છે અને સામાવાળા નં.ર મુકેશભાઈ કામ માટે બુમો પાડે છે જેથી તમે દવા લઈને પણ કામ ચાલુ રાખો તેવું જણાવેલ અને ગુજરનારને સેન્ટીંગનું કામ કરવા ફરજ પાડેલ તે દરમ્યાન ચાલુ કામે ગુજરનારની અચાનક તબીયત વધારે ખરાબ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી પલસાણા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા અને ત્યાં ચાલુ સારવાર દરમ્યાન મરણ ગયેલ હતા. બનાવ અંગે અકસ્માત મોત નં.૪૦/૧૫ થી કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં બનાવની નોંધ થયેલ છે અને તે અંગેનું પંચનામુ તેમજ ગુજરનારની લાશનું પી.એમ. પણ કરવામાં આવેલું છે. જયારે સામાવાળા નં.૧ નો બચાવ એવો છે કે, ગુજરનાર તેમના કામદાર ન હતા કે તેઓની સીધી દેખરેખ હેઠળ કામ કરતા ન હતા. ગુજરનાર બનાવના દિવસે તેમના બાંધકામના સ્થળે ન હતા. પરંતુ, ગુજરનાર જે જગ્યાએ રહેતા હતા તે જગ્યાએ વહેલી સવારે ગુજરનારને છાતીમાં દુઃખાવો થયેલ હતો અને તે વખતે તે તેમના રહેણાંકના ઝુપડામાં જ હતા અને તેઓ બીમારીથી પીડાતા હતા તે કારણે હૃદયના હુમલામાં કુદરતી મરણ પામેલા છે. બનાવ સવારના સાત વાગ્યાના અરસામાં બનેલ છે તે વખતે તેઓનું કોઈ કામ ચાલુ ન હતુ. ગુજરનારને રાત્રે સુવાના કપડા સાથે દવાખાને લઈ ગયા હતા તેવું ગુજરનારની ડેડ બોડી ઉપર અંદરના ભાગે અંડરવેયર અને ઉપર પીળા કલરનો ટુવાલ વીટાળેલ હતો તે આધારે જણાઈ આવે છે. તેઓનું કામ કરતા હોવાની વાત તદ્દન ખોટી છે. તેઓએ લેબર કોન્ટ્રાકટર તરીકે પારસીંગભાઈ શકરાભાઈને ભાવથી કામ આપેલ હતુ અને લેબર રાખી કામ કરાવવાની જવાબદારી પારસીંગભાઈની હતી. જેથી માલિક તરીકે તેઓની કોઈ જવાબદારી ઠરતી નથી. આ કામે નોટીસ બજવા છતાં સામાવાળા નં.ર નાએ જવાબ રજુ કરેલ નથી.

પક્ષકારોના પક્ષ નિવેદન ધ્યાને રાખી રેકર્ડ જોતાં, અરજદાર નં.૩ એ આંક-૨૭ થી એફિડેવીટ પર આપેલ જુબાનીથી અરજીની વિગતોને સમર્થન આપેલ છે. તેઓની ઉલટ સામાવાળા નં.૧,ર તરફે કરવામાં આવેલ નથી. અરજદારોએ તેઓની રજુઆતના સમર્થનમાં

આંક–૦૩ ના લીસ્ટથી બનાવ અંગેના પોલીસ પેપર્સ રજુ કરેલા છે. નિ.૩/૧ થી બનાવ અંગે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત નં.૪૦/૨૦૧૫ થી આપેલ સુચિપત્રમાં આ કામે મરણ જનાર બીમાર હોઈ સારવાર માટે પલસાણા સરકારી દવાખાને લઈ જતા સારવાર દરમ્યાન મરણ ગયેલ હોવાનું જણાવેલ છે. નિ.૩/૨ ના અપરાધ વિગત પત્રકમાં બનાવવાળી જગ્યા હિરેનભાઈ વિૃઠલભાઈ સરવૈયા(સામાવાળા નં.૧) એ બતાવેલ છે જેમાં બનાવવાળી જગ્યા મોજે તાતીથૈયા ગામે પારેખ એસ્ટેટ વિભાગ–૩ માં મુકેશભાઈ મંગળદાસ પટેલ(સામાવાળા નં.૨)ના સર્વે નં.૧૭૮ વાળી જગ્યામાં નવા બંધાતા બિલ્ડીંગની સાઈટ હોવાનું અને સદર સાઈટ ઉપર મરણ જનાર અમરસીંગ વિરાભાઈ બારીયા(ગુજરનાર)ને છેલ્લા આઠેક દિવસથી  સેન્ટીંગ કામની મજુરી કામે લીધેલા જેને આજરોજ બપોરના પોણા બારેક વાગ્યે અચાનક છાતીમાં દુઃખાવો થતા તેને સારવાર માટે લઈ જતા સારવાર દરમ્યાન મરણ ગયેલ હોવાનું અને સાઈટ ઉપર બાંધેલ ઝુપડામાં રહેતા હોવાનું જણાવેલું છે. નિ.૩/૩ ના લાશની સાથે મેડિકલ ઓફિસરને મોકલવાના પોલીસ રીપોર્ટમાં મરણની તારીખ/ સમયના કોલમમાં તા.૦૭/૦૭/૨૦૧૫ કલાક ૧૧:૦૦ ના સુમારે તેવી નોંધ કરવામાં આવેલ છે. નિ.૩/૪ ના મરણોતર પંચનામામાં અનુક્રમ નં.૯ થી જણાવેલ કપડાની વિગતમાં શરીરે ઉઘાડો કમરમાં રેકસો કંપનીની અંડરવિયર ભુરા રંગની તથા પીળા રંગનો ટુવાલ લપેટેલ છે  તેમજ અનુક્રમ નં.૧૦ લાશના શરીર ઉપરની ઈજાઓના વર્ણનમાં દેખીતી કોઈ ઈજાના નિશાન જણાતા નથી તેમજ અનુક્રમ નં.૧૨ પંચો તથા પોલીસના મતે મોતનું દેખીતા કારણમાં બીમારીના કારણે છાતીમાં દુઃખાવો થતાં સારવાર માટે લઈ જતા સારવાર દરમ્યાન મરણ ગયેલ છે તેમ જણાવેલું છે. આ કામે નિ.૩/૮ થી  બનાવ અંગે મુકેશભાઈ અમરસીંગ બારીઆ (અરજદાર નં.૨)એ પોલીસ સમક્ષ આપેલ નિવેદનમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

તા.૦૭/૦૭/૨૦૧૫

મારૂનામ મુકેશભાઈ અમરસીંગ બારીયા, ઉ.વ.૨૩, ધંધો. મજુરી, મુળ રહે. અસાઈડી, તા.દેવગઢ બારીયા, જી.દાહોદ. હાલ રહે. સાયણ, ગોદાવરી ઈન્ડસ્ટ્રીઝ, દેલાડપાટીયા, તા.ઓલપાડ, મો.૯૮૭૯૧૧૫૩૩૮, ૯૭૧૨૮૪૧૧ ૬૩.

રૂબરૂમાં પુછવાથી લખાવુ છું કે હું ઉપરના હાલના સરનામે મારા નાના ભાઈ પ્રવિણની સાથે રહુ છું અને અમે બંને ભાઈઓ સેન્ટીંગ કામની મજુરી કરી ગુજરાન ચલાવીએ છીએ અને મારા પિતા અમસીંગ વીરાભાઈ બારીયા, ઉ.૫૦ નાઓ પણ સેન્ટીંગ કામની મજુરી કરતા હોય તેઓ તાતીથૈયા ગામે પારેખ ઈન્ડસ્ટ્રીઝમાં મુકેશભાઈના શેઢ ઉપર મજુરી કામ કરી ગુજરાન ચલાવતા હતા.

આજરોજ **સવારના દશેક વાગેના સુમારે** મને મારા નાનાભાઈ પ્રવિણે ફોન કરીને જણાવેલ કે, હું તાતીથૈયા ગામે આવેલ છું અને **મારા**

**પિતાજીની તબીયત વધારે ખરાબ હોવા અંગેનો** મિસ્ત્રી પારસીંગનો ફોન આવતા હું અત્રે આવેલ હોય તમે પણ અહિયા આવી જાવ તેવી વાત કરતા હું અત્રે આવેલ અને મારા પિતા જેમના ત્યાં મજુરી કામ કરતા હતા તે હિરેન અવાચ્ય......મને **પિતાની તબીયત બગડતા તેને એબ્યુલન્સ ૧૦૮ માં પલસાણા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા** અને ત્યાં સારવાર દરમ્યાન મરણ ગયેલ હોય તેની ડેડ બોડી ગંગાધરા સરકારી દવાખાને પી.એમ. માટે લઈ ગયેલ હોય જેથી સદર બનાવની અત્રે જાણ કરવા માટે મારા સગા કાકાનો દિકરો જશવંતભાઈ પ્રતાપભાઈનાઓની સાથે આવેલ છું અને **સદર બનાવ અગિયારેક વાગેના સુમારે બનેલ છે.**

એટલી મારી હકીકત મારા લખાવ્યા મુજબ બરાબર અને ખરી છે

સહીઃ–મુકેશ અમરસીંગભાઈ

રૂબરૂ
(એ.વી.ચૌધરી)
પો.સ્ટે.અમ.
કડોદરા જીઆઈડીસી પો.સ્ટે.

ઉપરોકત પોલીસ તપાસના કાગળો આ કામે અરજદારોએ જ રજુ કરેલા છે. જેથી સદર દસ્તાવેજો ઉપર અરજદારો આધાર રાખે છે તેમ ગણાય. મુકેશભાઈ અમરસીંગભાઈ બારીયાએ પોલીસ રૂબરૂ આપેલ ઉપરોકત નિવેદન (નિ.૩/૮)માં તેમને સવારના ૧૦:૦૦ વાગ્યાના સુમારે તેમના નાનાભાઈ પ્રવિણે ફોન કરીને જણાવેલ કે તેઓ તાતીથૈયા ગામે આવેલ છે અને તેમના પિતાજીની તબીયત ખરાબ હોવા અંગનો મિસ્ત્રી પારસીંગનો ફોન આવતા તેઓ અત્રે આવેલ હોય તમે પણ અહીયા આવી જાવ તેવી વાત કરતા તેઓ ત્યાં ગયેલ છે તેમ જણાવેલું છે. ઉપરોકત નિવેદન જોતાં, બનાવના દિવસે ગુજરનાર બીમાર હોઈ તેઓની તબીયત વધુ બગડતા પલસાણા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા જયાં સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ છે તેવું અરજદાર નં.ર ના જ નિવેદન આધારે સ્પષ્ટ ફલિત થાય છે. બનાવના દિવસે ગુજરનારની તબીયત વધારે ખરાબ છે તેવી જાણ સૌ પ્રથમ પારસીંગભાઈએ ફોન ધ્વારા પ્રવિણભાઈ (અરજદાર નં.૩)ને કરતા તેઓ બનાવના સ્થળે આવી ગયેલા છે અને ત્યારબાદ પ્રવિણભાઈએ સવારના દશેક વાગ્યાના સુમારે ફોન ધ્વારા તે અંગેની જાણ મુકેશભાઈ(અરજદાર નં.ર)ને કરતા તેઓ પણ આવી ગયેલ છે તે જોતાં ગુજરનારની તબીયત ખરાબ થવા અંગેનો જે બનાવ બનેલ છે તે ગુજરનારની કામગીરી શરૂ થતા પહેલા સવારના ૧૦:૦૦ વાગ્યા પહેલા બનેલ છે તેવું અરજદાર નં.ર કે જેઓ બનાવ સમયે સાયણ મુકામે ગોદાવરી ઈન્ડસ્ટ્રીઝ દેલાડ પાટીયા, તા.ઓલપાડ મુકામે રહેતા હતા ત્યાંથી સવારના ૧૦:૦૦ વાગ્યા પહેલા ગુજરનાર રહેતા હતા ત્યાં તાતીથૈયા ગામે પારેખ ઈન્ડસ્ટ્રીઝમાં આવી ગયેલ છે અને ત્યારબાદ તેઓએ દશેક વાગે અરજદાર નં.૩ ને ફોન કરીને બોલાવેલ છે તે આધારે સ્પષ્ટ ફલિત થાય છે. અરજદાર નં.ર નું સદર નિવેદન જોતાં ગુજરનારને પોણા બાર વાગ્યે છાતીમાં દુઃખાવો ઉપડેલ તેવી અપરાધ વિગતમાં જણાવેલ

વિગત સાચી માની શકાય તેમ નથી. ૧૦:૦૦ વાગ્યે અરજદાર નં.૨ ને તેમના ભાઈ પ્રવિણે ફોન કરીને તેઓ બનાવના સ્થળે પહોંચી ગયેલ છે તેમ જણાવેલું છે. જેથી ગુજરનારને દુઃખાવો સ્વભાવિક રીતે જ ૧૦:૦૦ વાગ્યા પહેલા થયેલ હોય. પોણા બાર વાગ્યે દુઃખાવો ઉપડેલ હોય તો ૧૧:૦૦ વાગ્યે ગુજરનારનું મરણ થયેલ હોઈ શકે નહી. મેડીકલ ઓફીસરશ્રીને પોલીસ ધ્વારા પી.એમ. માટે મોકલવામાં આવતી લાશ સાથેના પોલીસ રીપોર્ટમાં મરણનો સમય ૧૧:૦૦ કલાકનો દર્શાવેલ છે. જેથી બનાવ પોણા બાર વાગ્યે બન્યાની હકીકત માની શકાય તેમ નથી. નિ.૩/૪ ના મરણોતર પંચનામામાં પહેરેલ કપડાના વર્ણનમાં ગુજરનાર શરીરે ઉઘાડા માત્ર કમરના ભાગે અંડરવીયર ભુરા રંગની તથા પીળા કલરનો ટુવાલ લપટેલ હાલતમાં હતા તેમ જણાવેલું છે તે આધારે પણ બનાવ સમયે ગુજરનાર કામ ઉપર નહી પરંતુ પોતાના રહેણાંકના ઘરે હતા તેમ જણાઈ આવે છે અને બીમાર હોવાના કારણે ગુજરનાર પોતાના રહેણાંકના ઘરે હતા તે દરમ્યાન વહેલી સવારમાં કે રાત્રીના સમય દરમ્યાન તેમની તબીયત વધુ બગડતા સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ છે તેવું માનવાને કારણ રહે છે. અરજદારોએ અરજીમાં જણાવેલ વિગતો કે ગુજરનાર કામ કરતા હતા તે વખતે તેઓને છાતીમાં દુઃખાવો થતાં તે અંગેની જાણ સામાવાળા નં.૨ ને કરેલ, પરંતુ તેઓએ ધ્યાન આપેલ નહી અને દવા લઈને પણ કામ ચાલુ રાખો તેમ કહી કામ કરવા ફરજ પાડેલ તે કારણે ગુજરનારની અચાનક તબીયત વધારે ખરાબ થઈ ગયેલી તેવી કોઈ હકીકત અરજદાર નં.૨ એ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. ગુજરનાર બીમાર હતા તેવું અરજદારે પોલીસ નિવેદનમાં જણાવેલું છે. પણ, ગુજરનારને શું બીમારી હતી, કેટલા સમયથી બીમાર હતા, શું દવા ચાલતી હતી અને કેટલા સમયથી ચાલતી હતી તે અંગેની કોઈ સ્પષ્ટતા પોલીસ રૂબરૂના નિવેદનમાં કે તેમની અરજીમાં અરજદારે કરેલ નથી. ગુજરનાર જે કામગીરીમાં રોકાયેલા હતા તે કામગીરીના કારણે ગુજરનારની બીમારીમાં વધારો થયેલ હતો કે ગુજરનાર ઉપર તે કામગીરી પુરૂ કરવાનું દબાણ હતુ કે, કામગીરીના ભારણના કારણે ગુજરનારનું સ્વાસ્થય બગડેલ હતુ અને તે કારણે ગુજરનારનું મૃત્યુ થયેલ હોય તેવો કોઈ મેડીકલ એવીડન્સ કે અન્ય કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. ગુજરનારની કામગીરી અને ગુજરનારના મૃત્યુ વચ્ચે કોઈ સીધો સંબંધ હતો તે અંગેનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ ન હોઈ અને જે બનાવ બનેલ છે તે ગુજરનારની કામગીરી શરૂ થતા પહેલા બનેલ છે અને ગુજરનાર છેલ્લા આઠેક દિવસથી સામાવાળાના ત્યાં કામ કરતા હતા તેને ધ્યાને લેતાં ગુજરનારનું મૃત્યુ સામાવાળાની કામગીરીના કારણે થયેલ હોવાનું રજુ થયેલ પુરાવા આધારે પુરવાર થતુ નથી. ગુજરનારની તબીયત વધુ પડતા કામના કારણે કે વધુ પડતા શ્રમના કારણે ચાલુ કામગીરી દરમ્યાન અચાનક ખરાબ થઈ ગયેલી તેવો કોઈ પણ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. પણ, ગુજરનાર બીમાર હતા તે કારણસર તેમની તબીયત વધુ બગડતા પલસાણા સરકારી દવાખાને લઈ જવામાં આવેલા અને ત્યાં સારવાર દરમ્યાન મરણ ગયેલ છે તેવું અરજદારો તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા આધારે સ્પષ્ટ સાબીત થાય છે. આ કામે રજુ થયેલ પી.એમ. રીપોર્ટમાં ગુજરનારનું મૃત્યુનું કારણ માયોકાર્ડીયલ ઈન્ફેકશનના કારણે શ્વાસોચ્છવાસની ક્રિયા બંધ થઈ જવાથી થયેલ હોવાનું જણાવેલું છે. ગુજરનારને બનાવ

તારીખે સામાવાળાના ત્યાં કામ કરતા હતા એટલે કે કામગીરી ચાલુ હતી અને તેમને દુઃખાવો ઉપડેલ તે બાબતે કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. ગુજરનાર સાથે કામ કરનાર કોઈ સાથી કામદારને અરજદારે આ કામે તપાસેલ નથી. આ કામે ગુજરનાર તેઓને છાતીમાં દુઃખાવો થયેલ ત્યારે કામ ઉપર હતા તે બાબતે અને ગુજરનારને માયોકાર્ડીયલ ઈન્ફેકશનમાં તેઓની કામગીરીના કારણે કોઈ વધારો થયેલ હોય એટલે કે ગુજરનારની કામગીરીના કારણે ઉદભવેલી તાણના કારણે તેમના રોગમાં વધારો થયેલ હોય તે અંગેનો કોઈ મેડીકલ એવીડન્સ અરજદાર તરફે આ કામે રજુ કરવામાં આવેલ નથી. જેથી ગુજરનારનું અકસ્માત મૃત્યુ થયેલ તે બાબત અને આવું અકસ્માત મૃત્યુ કામના વધુ પડતા ભારણ અને દબાણના કારણે થયેલ તેવું અરજદાર તરફે પુરવાર કરવામાં આવેલ નથી. જેથી મુદ્દા નં.૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**(ડી)** આ કામે ચોથો મુદ્દો અકસ્માત તારીખે ગુજરનારના માસીક વેતન અને ઉંમર બાબતનો છે. સામાવાળાની નોકરીના કારણે ગુજરનારનું અકસ્માત મૃત્યુ થયેલ ન હોઈ વળતરની ગણતરી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. છતાં, ભવિષ્યમાં વળતરની ગણતરીનો પ્રશ્ન ઉદભવે તો તેવા સમયે રજુ થયેલ નિ.૨૬/૬ ના ગુજરનારના સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં ગુજરનારની જન્મ તારીખઃ૦૧/૦૬/૧૯૭૨ ની દર્શાવવામાં આવેલી છે. જેની વિરૂધ્ધના કોઈ પુરાવા સામાવાળાઓ તરફે રજુ થયેલા નથી. જેથી અકસ્માત તા.૦૭/૦૭/૧૫ ના રોજ બનેલ હોઈ તેની અગાઉની જન્મ તા.૦૧/૦૬/૧૫ ના રોજ ગુજરનારે ૪૩ વર્ષ પૂર્ણ કરેલા હોઈ વળતરની ગણતરી માટે ગુજરનારની ઉંમર ૪૩ વર્ષની ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે.

અરજદારોએ અરજીમાં અને સોગંદ પરની જુબાનીમાં સામાવાળાઓ ગુજરનારને દૈનિક રૂા.૫૦૦/– લેખે માસીક રૂા.૧૫,૦૦૦/– પગાર ચુકવતા હતા તેમ જણાવેલું છે. આ બાબતને સામાવાળાએ ઉલટ કરી પડકારેલ નથી. જેથી અરજદારની સોગંદ પરની જુબાની નહી માનવા માટે કોઈ કારણ રહેતું નથી. ગુજરનાર બનાવના છેલ્લા આઠેક દિવસથી સામાવાળાના ત્યાં કામ કરતા હતા તેવું અરજીમાં જણાવેલ છે. જેથી ગુજરનારની નોકરીનો સમયગાળો એક માસ કરતા ઓછો હોઈ તેઓનો કેસ કાયદાની કલમ–૫(૧)(બી)માં પડે છે. કાયદાની કલમ–૫(૧)(બી) મુજબ એક માસથી ઓછી કામગીરી કરનાર શ્રમયોગીના કિસ્સામાં તેના જેવી જ કામગીરી કરનાર શ્રમયોગીએ છેલ્લા બાર માસમાં મેળવેલ વેતનના સરેરાશ માસીક વેતન જેટલું વેતન વળતરની ગણતરી માટે ધ્યાને લેવાનું રહે છે. આ કેસમાં સામાવાળા નં.૧ ધ્વારા ગુજરનાર જેવા જ વેતનથી મજુરી કામ કરતા અન્ય શ્રમયોગી કે આવી જ કામગીરીમાં રોકાયેલા અન્ય શ્રમયોગીના બાર માસના વેતનની વિગતો આ કામે રજુ કરેલ નથી. જેથી ગુજરનારના વેતનની ગણતરી કાયદાની કલમ–૫(૧)(સી) મુજબ કરવાની રહે છે. આ કામે સામાવાળાઓ ધ્વારા ગુજરનારને ખરેખર કેટલું દૈનિક વેતન ચુકવાતુ હતુ તેનો કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ ન હોઈ વિરૂધ્ધના પુરાવાના અભાવે ગુજરનારનું દૈનિક રૂા.૫૦૦/– લેખે માસીક વેતન રૂા.૧૫,૦૦૦/– નહી માનવા માટે કોઈ કારણ રહેતુ નથી. પરંતુ, અકસ્માત તા.૦૭/૦૭/૨૦૧૫ ના રોજ બનેલ હોઈ તા.૧૫/૦૧/૧૦ થી કાયદામાં અમલમાં આવેલ સુધારા અને તા.૩૧/૦૫/૧૦ થી અમલમાં

આવેલા વેતનના સુધારા અન્વયે અકસ્માત તારીખે પ્રર્વતમાન કાયદાની પરિસ્થિતિ મુજબ વળતરની ગણતરી માટે ગુજરનારનું મહતમ માસીક વેતન રૂા.૮૦૦૦/– ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે. કાયદાની કલમ–૪ તથા શીડયુલ–૪ ની જોગવાઈ નીચે મુજબ છે.

**<u>કલમ–૪ વળતરની રકમ</u>**

(૧) આ અધિનિયમની જોગવાઈઓને આધિન વળતરની રકમ નીચે પ્રમાણે રહેશે.

**(એ)....**

**(બી)....**

**ખુલાસો :**(૧) કલોઝ (એ) અને (બી) ના હેતુઓ માટે કામદારના સંબંધમાં સુસંગત પરિબળ એટલે વળતર લેણું થાય તે તારીખ તરત અગાઉના કામદારના છેલ્લા જન્મ દિવસે તેની ઉંમરના પુરા થતા વર્ષો જેટલા જ વર્ષોની સંખ્યા નિયત કરતાં પરિશિષ્ટ–૪ ના પ્રથમ કોલમમાં અપાયેલ નોંધ સામે તે જ પરિશિષ્ટના બીજા કોલમમાં નિર્દિષ્ટ કરાયેલ પરિબળ.

**(સી)....**

**(ડી).....**

**અનુસૂચિ –૪**
**(જુઓ કલમ–૪)**

| | |
|---|---|
| કાયમી અશકતતા અને મૃત્યુની બાબતમાં ઉચ્ચક વળતરની ગણતરી કરવા માટેના અવયવો જે તારીખે વળતર લેણુપડે તેની તરત પહેલાં આવતી કામદારની છેલ્લી જન્મ તારીખે ઉંમરના પૂરેપુરા વર્ષ | અવયવો |

**(ઈ)** આ કામે પાંચમો અને છઠ્ઠો મુદ્દો એકબીજા સાથે સંકળાયેલ હોઈ તે બંનેની ચર્ચા એક સાથે કરવામાં આવે છે. સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે ગુજરનારનું અકસ્માત મૃત્યુ થયેલ ન હોવાથી સામાવાળા વળતર, વ્યાજ કે પેનલ્ટીની કોઈ રકમ અરજદારોને ચુકવી આપવા જવાબદાર બનતા નથી. તે હકીકત છે કે, આ કામે સામાવાળા નં.ર હાજર રહેલા નથી અને સામાવાળા નં.૧ નાએ તેમના લેખિત જવાબના સમર્થનમાં કોઈ મૌખિક કે દસ્તોજી પુરાવો રજુ કરેલ નથી અને સામાવાળાઓની ગેરહાજરીમાં સદર કેસની કાર્યવાહી એકતરફી થયેલી છે. પરંતુ, અરજી અરજદારોની હોઈ અરજદારોએ તેઓ કાયદા મુજબ વળતર અને માંગેલ દાદ સામાવાળાઓ પાસેથી મેળવવા હકકદાર થાય છે તે બતાવવાનું રહે છે. અરજદારોએ જ રજુ કરેલા દસ્તાવેજો જોતાં અરજદારોએ અરજીમાં જણાવેલ વિગતને સમર્થન મળતું ન હોઈ અને નોકરી દરમ્યાન અને નોકરીના કારણે ગુજરનારનું અકસ્માત મૃત્યુ થયેલ ન હતુ તેવું સ્પષ્ટ ફલિત થતુ હોઈ મુદ્દા નં.પ અને ૬ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**(૧૩)** જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

**(૧)** આથી અરજદારોની અરજી, ગુજરનારનું અકસ્માત મૃત્યુ સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે થયેલ હોવાનું સાબીત થતું ન હોવાથી, રદ કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**(૩)** સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૦/૦૧/૨૦૨૨
સ્થળ :દાહોદ

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**કમિશનર**
**કર્મચારી વળતર ધારો**
**મજુર અદાલત, દાહોદ**